


**૨૧/૯/૨૨** **દેવ ફાઉન્ડેશન** તરફથી મહિલા આરોગ્ય સ્વચ્છતા અવેરનેસ પ્રોગ્રામ યોજાયો. જેમાં શાળાની ધો - ૭ થી ૧૨ ની બહેનોને ૩ – પેકેટ સેનેટરી પેડનું વિતરણ કરાયું. **કાર્યકર્તાઃ સિધ્ધિબેન મજમુદાર** (નીડ હોમના ટ્રસ્ટી), **જાન્વીબેન દાલલામી** (દેવ ફાઉન્ડેશન પ્રોજેક્ટના કો.ઓડિનેટર)

૩૦/૦૯/૨૨ **ડો.જયંતભાઇ શાહ** (નિવૃત પ્રાધ્યાપક, બી.એડ. ખરોડ કોલેજ): શિક્ષકોના ૧૫માં જ્ઞાનસત્રના વિવિધ વિષયો અંગે માર્ગદર્શન : જ્ઞાનસત્રના વિષયોની તૈયારી માટે **What, Where, When, Why,How** પ્રશ્નોના જવાબ દ્વારા કરી શકાય.રજૂઆતને આકર્ષક અને રસપ્રદ બનાવવા માટે **PPT** નો ઉપયોગ કરવો જરૂરી છે. વિવિધ વિષયોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.

**૧ અને**
**3/૧૦/૨૨** **NCSC પ્રોજેક્ટઃ** નારાયણ વિદ્યાલયના ધો- ૬ થી ૯ અને ધો- ૧૧ નાં ગુ.મા. અને અં.મા. ના **૨૦૨ વિદ્યાર્થીઓએ N.C.S.C**. નાં જીલ્લા કક્ષાએ ૧૦૧ શૈક્ષણિક સંશોધન પ્રોજેક્ટ રજૂ કર્યા.

**3/૧૦/૨૨** **નવરાત્રી પર્વ ઉજવણીઃ** નવરાત્રી નાના-મોટા સૌનાં આનંદનો પર્વ છે. આદ્ય શકિત અંબા માં ની આરાધના કરવામાં આવી. આ પર્વની ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓ મન મૂકીને ગરબે ઘૂમ્યાં હતાં. આ પર્વ નિમિતે શાળામાં બેસ્ટ એક્શન, બેસ્ટ ડ્રેસીંગ જેવી સ્પર્ધાઓ યોજાય. કન્વીઃ નયનાબેન પટેલ, શેફાલીબેન ઠાકર.




**૧૭/૧૦/૨૨** **શ્રી સંકેતભાઇ પટેલ** સમૂહ પ્રાર્થનામાં ઉપસ્થિત રહ્યાં. તેઓએ બાળકોની એકાગ્રતા કેવી રીતે વધે? એ વિષય પર માર્ગદર્શન આપ્યું.તથા હાલના સમયમાં મોબાઇલ એક દૂષણ છે. એ ઉદાહરણ આપી સમજાવ્યું. અને શાળાનાં બધાં જ વિદ્યાર્થીઓને પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું.





**૧૮/૧૦/૨૨** **શ્રી સુહાગ ધનપ્રસાદ મહેતા** અને **શ્રીમતી સુધા સુહાગ મહેતા** તરફથી તેમના માતૃશ્રી સ્વ. **પ્રેમિલાબેન મહેતા**નાં સ્મરણાર્થે શાળાના જરૂરીયાતમંદ ગરીબ ૧૭ વિદ્યાર્થીઓને ફી સહાય તેમજ તેજસ્વી ૧૩ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સ્કોલરશીપ તેમજ બાલમંદિરનાં ગુ.મા. અને અં.મા.નાં બાળકો માટે ૫૦૦ પુસ્તકો ભેટ આપ્યાં હતાં. વિદ્યાર્થીઓને ઠંડા પાણીની સુવિધા માટે વોટર કુલરની ભેટ આપી. શાળા પરિવાર તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે.







## <u>શાળાનાં શિક્ષકોનું ૧૫મું જ્ઞાનસત્ર</u>
## <u>તારીખ ૮-૯ ઓક્ટોબર ૨૦૨૨</u>
### <u>વિષય - નારાયણ વિદ્યાલય આવનારા ૧૦ વર્ષોમાં સમાજ અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે?</u>

શાળાનાં શિક્ષકો સતત નવા જ્ઞાનથી અપડેટ અને અપગ્રેડ રહે તથા વૈશ્વિક પ્રવાહો સાથે તાલમેલ મિલાવી શકે, તેમજ વર્ગખંડમા શ્રેષ્ઠ વિષયવસ્તુ અને ઉતમ કૌશલ્યો પ્રદાન કરતા રહે તે હેતુથી શાળામાં તા. ૮,૯, ઓક્ટોબર બે દિવસીય જ્ઞાનસત્ર કાર્યક્રમ યોજાયો.જેમાં ૬૫ શિક્ષકોએ ૫૦ જેટલાં વિષયો પર વિવિધ પ્રવૃત્તિઓ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, નાટક, ગીત, ડિબેટ, પ્રશ્નોત્તરી થકી પ્રેઝન્ટેશન કર્યુ.



**આ કાર્યક્રમમાં મુખ્ય ઉદ્‌ઘાટક પ.પૂ.સ્વામી શ્રી જયરામદાસ બાપુ (માતા નિર્લયમ આશ્રમ, નિકોરા), મા.શ્રી દુષ્યંતભાઇ પટેલ (મુખ્ય દંડકશ્રી વિધાનસભા,ગાંધીનગર અને ધારાસભ્યશ્રી, ભરૂચ) , મા.શ્રી કાર્તિકેય શુકલ (મેનેજીંગ ટ્રસ્ટી, વિશ્વભારતી ગૃપ ઓફ ઈન્સ્ટીટયુશન, અમદાવાદ), તેમજ વિશેષ તજજ્ઞશ્રીઓ કે જેમણે નિર્ણાયક તરીકે સેવા આપી છે. એવા મા.શ્રી પ્રો. ડૉ. જયંતકુમાર એ. શાહ (નિવૃત પ્રાધ્યાપક, બી.એડ. કોલેજ, ખરોડ), મા.શ્રીમતી અદિતિબેન અર્પિત શુકલ ( પ્રાધ્યાપક, મુન્શી મહિલા બી.એડ. કોલેજ), મા.શ્રી નિલેશભાઇ ઉપાધ્યાય (આસિસ્ટન્ટ પ્રોફેસર, સત્યમ્.કોલેજ ઓફ એજયુકેશન, ઝાડેશ્વર),આશાબેન જે. શાહ (નિવૃત પ્રાધ્યાપિકા),તથા શાળાનાં ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.પ્રથમદિવસનાં અંતિમ ચરણમાં મા.શ્રી નિશાંતભાઇ દવે (EI ભરૂચ જીલ્લા શિક્ષાણાધિકારીની કચેરી)) શ્રી. જીજ્ઞેશભાઇ પટેલ (આસી. શિક્ષણ નિરીક્ષક ભરૂચ જીલ્લા શિક્ષાણાધિકારીની,કચેરી) ઉપસ્થિત રહી કાર્યક્રમની ઝલક નિહાળી હતી.**





આ પ્રસંગે આદર્શ દંપતિ તરીકે **શ્રી કાંતિભાઇ દલવાડી (સફળ બિઝનેસમેન, સમાજસેવક, લાયન્સ કલબના પ્રેસિડન્ટ, ચરોતર પ્રજાપતિ મંડળનાં ટ્રસ્ટી) અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયાબેન દલવાડી (મહિલા બેંકનાં ડિરેકટર, સ્ત્રીનિકેતનનાં સ્થાપક)** ઉપસ્થિત રહ્યાં. પતિ-પત્ની બંને એકમેકનો પડછાયો બની ૬૨ વર્ષથી નિઃ સ્વાર્થપણે સેવાભાવી જીવન જીવી રહ્યાં છે. તેમનું આદર્શ દંપતિ તરીકે **શાળાના ટ્રસ્ટીશ્રી આદરણીય મંજુલાબેન પ્રજાપતિ તથા પાર્થકુમાર પ્રજાપતિ,પૂર્વાબેન પ્રજાપતિ તથા ડૉ. ભગુભાઇ પ્રજાપતિ** તથા ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

પૂર્ણાહૂતિ પ્રસંગે **મા.શ્રી આઇ.કે.અન્સારી (પ્રા.બી.એડ કોલેજ, ખરોડ ),શ્રી અભય દૂબે (નિ.એરફોર્સ અધિકારી) શ્રી મનોજભાઇ હરિયાણી** ( બિઝનેસમેન, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર ) ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. નિર્ણાયકશ્રીઓએ બે દિવસનાં સતત નિરીક્ષણ કાર્યનાં અંતે પોતાના પ્રતિભાવ થકી ખૂબી અને ખામી તરફ સૂચનો કરી ઉતરોતર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.અંતે તમામ વ્યકિતઓ એ દીવડા થકી ઓમકાર મંત્ર સાથે શાંતિમય પ્રાર્થના કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ શાળાના ડાયરેકટર અને આચાર્યશ્રી ડાૅ. ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કન્વીનર બિનીતાબેન ગોહિલ (ગ્રાન્ટેડ ઇ.આચાર્ય), વિદ્યા રાણા (અં.મા. આચાર્ય), કંચનબેન પરમાર ,ઉન્નતિબેન પટેલ વગેરેએ સંચાલન કર્યું હતું.